નમૂનો ક

મુંબઈની પ્રાથમિક શિક્ષણ નિયમો,

(૧૯૪૯ નો નિયમ – ૧૦૭ (૫))

ખાનગી પ્રાથમિક શાળાની મંજૂરી માટે પ્રમાણપત્રનો નમૂનો

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી

જિલ્લા શિક્ષણ સમિતિ, ભુજ.

# મંજૂરી–પ્રમાણપત્ર

પ્રમાણીત કરવામાં આવે છે કે

......ડ્રીમ પબ્લિક સ્કૂલ, માધાપર, ભુજ................ (શાળાનું નામ અને સ્થળ) ને, નીચે દર્શાવેલ શિક્ષણના માધ્યમમાં અને ધોરણોમાં પ્રાથમિક શિક્ષણ આપવા માટે, મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ હેઠળ શિ.વિ.ગુ.રા. ના જાહેરનામા ક્રમાંક કે.પી.એસ./૧૦૯૭/૧૯૪૭/છ તા.૧૮–૦૪–૯૮ થી મળેલ અધિકાર અન્વયે માન્ય ખાનગી પ્રાથમિક શાળા તરીકે મંજૂર કરવામાં આવે છે.

| અનું ક્રમાંક | શિક્ષણ નું માધ્યમ | ધોરણો અને ડીવીઝનનો |
|---|---|---|
| ૧ | અંગ્રેજી | ધોરણ ૧ થી ૮ (એક-એક વર્ગ) |

ક્રમાંક : જિ.શિ.સ./ મકમ–૪ / શાળા / માન્યતા/૨૦૧૩

તારીખ : ૩૦/૫/૨૦૧૩

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

કચ્છ–ભુજ

પત્રાંક : જિપ્રશિ/પ્રાથ/વ/શાળા માન્યતા /૨૦૧૩ /૧૩૯૭ /૧૩

કચેરીનું નામ : શિક્ષણ શાખા

સરનામું: જિલ્લા પંચાયત,જિ. -કચ્છ- ભુજ.

તારીખ : ૩૦/૯/૨૦૧૩

પ્રતિ,

સંચાલકશ્રી/પ્રમુખશ્રી
એન. કે. એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
પ્લોટ નં. ૪૬. વિજયનગર
ભુજ-કચ્છ.

વિષય :-ખાનગી પ્રાથમિક શાળાને માન્યતા આપવા બાબત

મહાશય,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે આપની સંસ્થા દ્વારા......દ્વૈત પબ્લિક સ્કૂલ, માધાપર, ભુજ. ......શાળાની માન્યતા માટે કરેલ અરજીના સંદર્ભે કરવામાં આવેલ ચકાસણી અને પત્ર વ્યવહારના સંદર્ભે આપના દ્વારા જૂન -૨૦૧૩ થી શરૂ કરવામાં આવનાર શાળાને પ્રાથમિક શાળા માટે ધો-૧ થી ૫/ ઉ.પ્રા. શાળા ધો – ૬ થી ૮ ની મંજૂરી આ સાથે સામેલ શરતોના પાલન કરવાની શરતે મંજૂરી આપવામાં આવે છે. (અંગ્રેજી માધ્યમ)

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

ભુજ-કચ્છ

નકલ રવાના : જયભારત સાથ :

(૧) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ વિભાગ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,પહેલા માળે,બ્લોક નં.૧૨,ગાંધીનગર.

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી......ભુજ......-કચ્છ.
કચેરી રેકર્ડ ઉપર નોંધ થવા તથા જિલ્લા કેળવણી નિરીક્ષકશ્રીને જાણ થવા.

(૩) જિલ્લા કેળવણી નિરીક્ષકશ્રી (મારફતે તા.વિ.અ.શ્રી.)

ઉપરોક્ત વિગતે નવી શાળા / વર્ગો શરૂ થયાની ખરાઈ કરી નિયમોનું પાલન થાય તે બાબતે ખરાઈ કરીને અહેવાલ પાઠવવા વિનંતી છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ,જિલ્લા પંચાયત કચેરી કચ્છ- ભુજ.
જિલ્લા પંચાયત કચેરી,શિક્ષણ શાખા ,કચ્છ- ભુજ
જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ
કચેરીનાં હુકમ નં.જિ શિ સ /મકમ -૪/ નવી શાળા/ક્રમિક વર્ગ/વર્ગ વધારો/૨૦૧૩ તા. / /૨૦૧૩નું સાધણ
અનુસુચિત નં.૧

ઉપરોકત હુકમથી માન્ય ખાનગી પ્રાથમિક શાળાએ નીચેની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.આ શરતો પૈકીનો કોઈ પણ શરતોનું પાલન કરવામાં નિષ્ફળતા જતી શાળાની મંજૂરી કોઈપણ સમયે પાછી લઇ શકાશે / રદ કરી શકાશે.

(૧) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો,૧૯૪૯ નાં સુધારેલા નિયમો ૧૦૬(ક) ના પેટા નિયમ (૪) અને (૭)ને આધીન રહીને આ મંજૂરી આપવામાં આવે છે.

(૨) શાળાના કામકાજનું નિયમન જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ,જિલ્લા પંચાયત કચેરી, કચ્છ-ભુજ દ્વારા વખતો-વખત બહાર પાડવામાં આવતા હુકમો/આદેશો મુજબ કરવાનું રહેશે.

(૩) અધ્યાપકીય સ્ટાફના પગાર ધોરણો , ભથ્થાના દરો સરકારશ્રી વખતો-વખત મંજુર કરે તે રાખવના રહેશે અને તે પ્રમાણે ચુકવવાના રહેશે.

(૪) શાળાએ વિદ્યાર્થી પાસેથી લેવાની ફીના દર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસે મંજુર કરાવવાના રહેશે અને જિલ્લા શિક્ષણાધિકારીએ મંજુર કરેલ દરે જ વિદ્યાર્થીઓ પાસેથી ફી વસુલ કરવાની રહેશે અને જરૂરી પહોંચ/પાવતી આપવાની રહેશે.

(૫) પ્રવેશ વખતે શાળા સંચાલન મંડળ કે શાળા દ્વારા કોઈપણ પ્રકારની કેપીટેશન ફી , દાન(ડોનેશન), અનામત લઇ શકાશે નહિ કે વાલીઓ કે બાળકોના ઇન્ટરવ્યું લઇ શકાશે નહિ.

(૬) શાળા નફાના હેતુથી ચલાવવામાં આવશે નહિ, શાળાકીય ઓડિટ, હિસાબોનું પત્રક શાળાના શૈક્ષણિક નિરીક્ષક નિરીક્ષણ કરી શકશે.

(૭) શાળા નિભાવતા ટ્રસ્ટ કે મંડળનો સંચાલક વિદ્યાર્થીઓના માતા-પિતા અથવા વાલીઓને પોતાની શાળામાં પ્રવેશ આપવા સારૂં ટ્રસ્ટ કે મંડળને દાન અથવા લોન આપવા ફરજ પાડી શકશે નહિ

(૮) શાળા નિભાવતા ટ્રસ્ટ કે મંડળના સંચાલક મંડળે અનુસુચિત બેંકમાં ખાતું ખોલાવવાનું રહેશે અને સ્ટાફના પૂરા પગાર ભથ્થાની ચુકવણી આવા ખાતામાંથી ચેક પદ્ધતિ દ્વારા સ્ટાફના ખાતામાં કરાવવાની રહેશે.

(૯) શાળાએ સરકારે મંજુર કરેલ અભ્યાસક્રમ અને વિષય સૂચી અનુસરવાની રહેશે. સરકારે વખતોવખત મંજુર કરેલા અથવા કરાવેલા પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કરવાનો રહેશે. મંજુર કરેલ પાઠ્યપુસ્તક સિવાયના સાહિત્યનો ઉપયોગ અભ્યાસક્રમના માધ્યમ તરીકે કરી શકાશે નહિ.

(૧૦) શાળા ચલાવતા ટ્રસ્ટ કે મંડળના વ્યવસ્થાતંત્રની ફેરબદલી કરી શકાશે. નહિ. પૂર્વ પરવાનગી વિના કરેલ ફેરફાર બિનઅધિકૃત તરીકે સ્વીકારી અપાયેલ મંજૂરી આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

(૧૧) શાળા શરૂ કરવા જે મકાનમાં અને સ્થળે મંજૂરી આપવામાં આવી હોય તે મકાન કે સ્થળમાં પૂર્વ પરવાનગી વિના કોઈપણ પ્રકારે ફેરફાર કરી શકાશે નહિ. આવા કરાયેલા ફેરફારના કારણે અપાયેલ મંજૂરી આપોઆપ રદ થવાપાત્ર થાય છે.

(૧૨) જે શૈક્ષણિક વર્ષમાં શાળાને વર્ગને મંજૂરી આપવામાં આવી હોય તે જ વર્ષમાં શાળા શરૂ કરવાની રહેશે. મંજૂરી મળ્યાની પછીના ૭ માસ સુધીમાં શાળા શરૂ કરવામાં નહિ આવે તો અપાયેલ મંજૂરી આપોઆપ રદ થવાપાત્ર રહે છે.

(૧૩) મંજુર કરેલી શાળાના મકાનમાં અમાન્ય વર્ગો/ધોરણો ચલાવી શકાશે નહિ કે સંચાલન કરી શકાશે નહિ.

(૧૪) શાળાના અધ્યાપકીય સ્ટાફ શાળાના કદને ધ્યાને લેતા પૂરતા અને તાલીમી લાયકાત ધરાવતો હોવો જોઇએ. સરકારે વખતોવખત ઠરાવેલ લાયકાત ધરાવતા તાલીમી શિક્ષકોની જ નિમણુંક કરવાની રહેશે. શિક્ષકોની ભરતી મુંબઈ પ્રાથમિક શિક્ષણ ૧૯૪૯ સાથેની અનુસુચિત છની જોગવાઈઓને આધીન રહેશે.